# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦


**તા.૧૩/૦૬/૨૦૨૫ શુક્રવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૦૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૨૫૨ લીટર દેશી દારૂ, ૦૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૫૬૪ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૦૪ બિયર ટીન, ૦૧ રીક્ષા અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૪૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૦૫/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૨૨૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૮૦૬/૨૦૨૫**

**મણીનગરઃ** કિશન શંકરભાઈ કેવલરામાણી (રહે.મુકુલપાર્ક સોસાયટી, ભૈરવનાથ રોડ મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૦૬/૨૦૨૫ સાંજના ૭/૩૦ થી તા.૧૨/૦૬/૨૦૨૫ સવારના ૧૦/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મણિનગર ચાર રસ્તા પાસે, એસ.પી.બિલ્ડીંગના બીજા માળે આવેલ "ક્રિષ્ના એન્ટરપ્રાઈઝ" નામની ઓફીસ અને ગોડાઉનના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઓફીસ અને ગોડાઉનમાં પ્રવેશ કરી, કેશ કાઉન્ટરમાંથી રોકડ રૂપિયા અને સી.સી.ટી.વી.કેમેરાનુ ડી.વી.આર. મળી કુલ રૂપિયા ૧,૦૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.આર.પરમાર ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયોઃ-** **સમાચાર યાદી નં.૮૦૭/૨૦૨૫**

**એરપોર્ટઃ** મનીષભાઈ પરષોતમભાઈ ભોજવાણી (ઉ.વ.૩૩)(રહે.મહારથી સોસાયટી સરદારનગર) એ તા.૧૨/૦૬/૨૦૨૫ ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૫/૨૦૨૫ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે કપુર કિડઝ કલાસીસ આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ મનીષભાઈના ગળામાંથી સોનાની ચેઈન કિંમત રૂપિયા ૧,૪૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.ડી.મકવાણા ચલાવે છે.

**ચોરીઃ–** **સમાચાર યાદી નં.૮૦૮/૨૦૨૫**

**આનંદનગરઃ** મહેન્દ્રભાઇ શિવાભાઇ પટેલ (ઉ.વ.૫૦)(રહે.પટેલ ફળીયુ ગામ રાફઈ તા.સંતરામપુર જી.મહિસાગર) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૦૬/૨૦૨૫ બપોરના ૧૨/૧૫ થી ૩/૩૦ વાગ્યા દરમ્યાન આનંદનગર, આઇ.ઓ.સી. પેટ્રોલ પંપ સામે "શર્મા હુંડાઇ" શો–રૂમની બાજુ પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી, અજાણી વ્યક્તિ કારમાંથી સોના–ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૬,૨૬,૦૦૦/– ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.આર.ચાંદુ ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૮૦૯/૨૦૨૫**

**કૃષ્ણનગરઃ** પદમાબહેન વા/ઓ હમીરભાઇ રાઠોડ (ઉ.વ.૪૫)(રહે,વસંતનગરના છાપરા ઠક્કરનગર) એ બિમારીથી કંટાળી તા.૦૯/૦૬/૨૦૨૫ સવારના ૮/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે બાથરૂમમાં પોતાના શરીર ઉપર પોતાની જાતે કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૨/૦૬/૨૦૨૫ સવારના ૭/૪૫ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.ચૌહાણ ચલાવે છે.

**રામોલઃ** જયમીનભાઇ સુરેશભાઇ પ્રજાપતિ (ઉ.વ.૨૩)(રહે.ગંગારામની ચાલી વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૬/૨૦૨૫ બપોરના ૪/૩૦ વાગ્યા પહેલા વસ્ત્રાલ સિલ્વર આર્કેટ વિવાંતા હોટલ રૂમ નંબર–૨૦૮ ખાતે પંખા સાથે રૂમાલ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી જેરામભાઈ વાલજીભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી